# રાજ્યમાં ૩૭ તાલુકામાં વરસાદ, સૌરાષ્ટ્ર- દ.ગુજરાતમાં ભારે વરસાદ

## રાજ્યમાં મંદ પડેલું ચોમાસું મદમસ્ત બન્યું : રાજ્યમાં સૌથી વધારે સુરત સિટીમાં ૨ કલાકમાં સવા બે ઇંચ, ધોરાજીમાં બે કલાકમાં બે ઇંચ વરસાદ થયો

ગાંધીનગર, તા.૧૦

છેલ્લા ઘણા સમયથી મંદ પડેલું ચોમાસુ ગુજરાતમાં ફરી એકવાર સક્રિય થઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. હવામાન વિભાગે આગામી આગામી ૧૧થી ૧૩ જુલાઇ સુધીમાંદક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થયો છે. અમરેલીના ખાંભા અને આસપાસનાં વિસ્તારોમાં વરસાદ, ભાવનગરનાં અનેક તાલુકાઓમાં વરસાદથી ખેડૂતોમાં આનંદ પ્રસર્યો છે.

રાજ્યમાં શનિવારની સવારથી ચાર વાગ્યા સુધીમાં ૩૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ૦૨:૦૦ થી ૦૪:૦૦ સુધીમાં ૩૦ થી તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધારે વરસાદ સુરત સિટીમાં ૨ કલાકમાં સવા બે ઈંચ વરસાદ વરસ્યો છે. રાજકોટના ધોરાજીમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ થયો છે. જૂનાગઢના માળિયામાં બે કલાકમાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. જૂનાગઢના માળિયામાં સવારથી અત્યાર સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. વલસાડના ઉમરગામમમાં પણ સવારથી અત્યાર સુધીમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. જૂનાગઢના માણાવદર અને નવસારીના જલાલપોરમાં છેલ્લા બે કલાકમાં દોઢ ઈંચથી વધારે વરસાદ થયો છે.

રાજ્યમાં શનિવારે સવારથી બે વાગ્યા સુધીમાં ૧૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ વલસાડના ઉમરગામમમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડ તાલુકામાં ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જૂનાગઢના માળીયા, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને જૂનાગઢના કોડિનાર માં અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.



ઉપલેટા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. ઉપલેટા પંથકમાં લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું છે. ઉપલેટા પંથકમાં એક કલાકમાં અડધાથી એક ઈંચ વરસાદ વરસ્યો છે. ઉપલેટા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. ઉપલેટાના ડુમીયાણી ચીખલીયા, હાડફોડી, સમઢીયાળા, ખાખીજાળીયા, મોજીરા, ગઢાળા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. ૨૫ દિવસના લાંબા વિરામ બાદ મેઘરાજાએ મન મૂકી વરસવાનું શરુ કરતા ખેડૂતોમાં ખુશી. ખેડૂતોને જરૂરિયાત સમયે જ વરસાદ વરસી જતા મુરઝાઈ રહેલી મોલાતને મળશે જીવતદાન. કપાસ, મગફળી, સોયાબીન, એરંડા સહિતના પાકોને મળશે જીવતદાન. મેઘરાજાના આગમનથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ૩૪.૯૩ કરોડથી વધુ રકમના વિકાસકાર્યોનું લોકાર્પણ થશે

## ૧૨૨૦ વિકાસકાર્યો પ્રજાને સમર્પિત કરાશે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ ૭.૬૫ કરોડના ૧૭ કામોની જાહેરાત કરશે

ગાંધીનગર, તા. ૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ જિલ્લામાં ૧૧ જુલાઈએ ૧૨૨૦ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા અને દસક્રોઈ તાલુકામાં અંદાજે ૩૪.૯૩ કરોડથી વધુ કામોનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે કરાશે. અમદાવાદ જિલ્લામાં થયેલા કુલ ૧૨૨૦ વિકાસકાર્યોમાં સાણંદ તાલુકાના ૧૦૬૨ કામ, બાવળા તાલુકાના ૧૩૮ કામ અને દસક્રોઈ તાલુકાના ૨૦ કામનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી રૂ. ૩૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે, તેમજ ૭.૬૫ કરોડના નવા વિકાસલક્ષી કાર્યોની જાહેરાત પણ કરશે. ગાંધીનગર મતક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ ૨ કામોનું ખાતમુહુર્ત કરશે અને ૧૭ જેટલા વિકાસકામોની જાહેરાત કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી સાણંદ તાલુકામાં નવનિર્મિત આંગણવાડી, રોડ-રસ્તાના કામ, પાણી-પુરવઠાને લગતાને વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત અનેક ગામડાઓમાં તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી પ્રાથમિક શાળાઓમાં કાર્યાન્વિત થનારા સ્માર્ટ ક્લાસરૂમનું પણ લોકાર્પણ કરશે. સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ પસંદગી પામેલા માણકોલ ગામમાં નવા બનનારા પંચાયત ઘરનું ખાતમુહૂર્ત પણ કરશે. આ ઉપરાંત ગ્રામ્ય પ્રજાની સુખાકારીમાં વૃદ્ધિ કરતા અનેકવિધ કામોની ખાતમુહૂર્ત કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી મુખ્યમંત્રી સડક યોજના હેઠળ અનેક ગામડાઓમાં નિર્માણ પામનારા રસ્તાઓ અંગેની પણ જાહેરાત કરશે.

# અમદાવાદમાં રથયાત્રા પૂર્વે નેત્રોત્સવ વિધિ યોજાઈ





**ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ તથા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી જોડાયા હતા**

ગાંધીનગર, તા. ૧૦

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા અમદાવાદ જગન્નાથજીના મંદિરે નેત્રોત્સવવિધિ અને ત્યારબાદ મંદિરની ધ્વજારોહણ વિધિમાં જોડાયા હતા.

ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા પૂર્વે જગન્નાથજી મોસાળથી નિજમંદિરે પરત ફરતા નેત્રોત્સવ વિધિ યોજાઈ હતી.

ગૃહ રાજ્યમંત્રીએ જગન્નાથજીની પારંપરિક પૂજાવિધિમાં સહભાગી થયા બાદ ભગવાનની આરતી કરી હતી.

ગૃહ રાજ્યમંત્રીએ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી સાથે મંદિરમાં યોજાયેલા ભંડારાની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, અમદાવાદ શહેર મેયર કિરીટભાઈ પરમાર, ધારાસભ્યો, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મંદિરના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ જહા અને પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા પણ આ પૂજાવિધિમાં જોડાયા હતા. જગન્નાથજી મોસાળેથી નિજમંદિરે પરત આવતા ભાવિક ભક્તોએ પ્રભુ દર્શન કર્યા હતા.



ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામમાં વિકાસના અનેક કાર્યો થઈ રહ્યા છે. ગામના પૌરાણિક તળાવના રી-ડેવલપમેન્ટ યોજનાના પ્રારંભ માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહેવાના હોઈ ગામમાં ઉત્સવનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ઉબડ-ખાબડ માર્ગોનું દુરસ્તીકામ થઈ રહ્યુ છે. રાતોરાત ઈલેક્ટ્રીક થાંભલાની મરામત કરવામાં આવી રહી છે. ગામના તળાવની આસપાસ સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. કેન્દ્રિય ગૃહમંત્રી આવવાના હોઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ જોવા મળી રહ્યો છે.

# યાત્રાધામ અંબાજીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે

## ૧૨૦ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ દાંતા-અંબાજી ચારમાર્ગીય રસ્તાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીને જોડતા દાંતાથી અંબાજી સુધીના ૨૨ કિ.મી.ના રસ્તાને ચારમાર્ગીય બનવવાનું કામ રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૧૨૦ કરોડની માતબર રકમથી પૂર્ણ કરવામાં આવ્યું છે. અંબાજીને જોડતા આ ચારમાર્ગીય રસ્તો, ત્રિશુળીયા ઘાટ ઉપર બનાવાયેલ વ્યું પોઈન્ટનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શક્તિપીઠ અંબાજી ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે સમગ્ર દેશ અને દુનિયાભરના શ્રધ્ધાળુંઓ અંબાજી આવી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અંબાજીમાં દેશ-વિદેશથી આવતા યાત્રાળુઓની સુવિધાઓમાં વધારો કરવા રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્રણ વર્ષ અગાઉ આ રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો. જેનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદથી અંબાજી, ડીસા-પાલનપુરથી અંબાજી, હિંમતનગરથી અંબાજી અને ઉત્તર ગુજરાતમાં અંબાજીને જોડતા રસ્તાઓને ચારમાર્ગીય બનાવવામાં આવ્યાં છે. પર્વતવાળા અને ડુંગરીયાળ વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખુબ ઝડપથી






## મુખ્યમંત્રી વિજય રૂપાણીનો રૂબરૂ આભાર માનતા વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય - ગુજરાત ક્ષેત્રના અગ્રણીઓ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં લવ જેહાદ કાયદાને માન્યતા તેમજ તેના કડક અમલ અને ભગવાન જગન્નાથની રથયાત્રાની મંજૂરી આપવા બદલ આજે ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની રૂબરૂ મુલાકાત કરીને વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મહામંત્રી મિલિન્દજી પરાંડે, ગુજરાત વિએચપીના અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી, ગુજરાત ક્ષેત્ર મંત્રી અશોકભાઈ રાવલ અને ઉત્તર ગુજરાત વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી અશ્વિનભાઈ પટેલે સમગ્ર વિશ્વ હિન્દુ પરિષદ વતી અભિનંદન પાઠવીને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

# ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ઈતિહાસ અને સંસ્કૃત વિભાગ, મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરેલ હતુ. જે તારીખ ૫ થી ૧૦ જુલાઈ-૨૦૨૧ દરમ્યાન વિવિધ વિષયો પર યોજાઈ હતી. આ દરમિયાન કુલ ૪૫૦ જેટલા લોકોના રજીસ્ટ્રેશન થયા હતા.

આ દરમિયાન કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડૉ. રાજેન્દ્ર ખીમાણી (ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક) ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ વિષયો પર વક્તા દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

ડૉ. હેમંત દવેએ ખેડા સત્યાગ્રહના ઈતિહાસ વિષે, ડૉ. અજય લોખંડેએ ડૉ. આંબેડકરની રાષ્ટ્રની અવરાધારાના વિષય પર, ડૉ. અમરદીપે દલિત રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય આંદોલનના વિષય પર, ડૉ. ધનનંજય રાયે ગાંધી, નહેરુ, આંબેડકરની રાષ્ટ્રીય અવધારણા વિષય પર, ડૉ. ઉર્વેશ કોઠારીએ રાષ્ટ્રીય આંદોલનમાં પત્રકારિતાનું યોગદાન વિષય પર, ડૉ. અરૂણ વાઘેલાએ આદિવાસીઓનું રાષ્ટ્રીય આંદોલનમાં યોગદાન વિષય પર, ડૉ. પ્રદ્યુમન ખાચરે સૌરાષ્ટ્રની રિઆસોમાં સત્યાગ્રહ પર, ડૉ. નીતિન ગોયલે પ્રજા મંડળ આંદોલનનું સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન વિષય પર અને ડૉ. ઋત્યુષા તિવારીએ ભારતીય રાષ્ટ્રીય આંદોલન અને રાષ્ટ્રવાદની વિવિધ અવધારણાના સંદર્ભે ચર્ચા કરી હતી.

### મોરપીંછના રંગ

● પાના ૪નું ચાલુ...

આખા રાજ્યના પુરાતત્વખાતાની શકલ બદલી જાય. કેમ કે આપણી ગુજરાતી જૂની સંસ્કૃતિના અનેક નામશેષ થવાને આરે ઊભેલા સ્થળોને, તૂટેલા ખંડેરોને, જૂના અવશેષોને શોધીને ફોટો પાડીને એના વિશે સાચું સંશોધન કરીને લખીને ફેસબૂક પર રજુ કરીને અનેક વખત પોતાની ચિંતા વ્યક્ત કરી છે. પ્રાચીન ભારતની પ્રશાસનિક વ્યવસ્થાઓ વિશે જાણવું એમના માટે રસપ્રદ છે. ભારતની એવી અનેક ઐતિહાસિક ઘટનાઓને અતીતના ગર્ભમાંથી શોધી લાવીને આપણી સામે રજુ કરે કે ભલભલા ઈતિહાસકારો પણ વિચારતા થઈ જાય. એ કોઈ મહાન કે ભક્ત વ્યક્તિ વિશે લખે તો પણ એમાં ધારણાઓ કરતા સંશોધનની ભૂમિકા વધુ હોય જેથી એ લખાણ સાહિત્યિક નિબંધની સાથે સાથે સંશોધનનો વિષય પણ લાગે.

શ્રી રમેશભાઈની વાંચનયાત્રા પણ ચારવેદયાત્રા કરતાંય વિશેષ છે. પુસ્તકોને સતત વાંચવાનો શોખ ધરાવનાર આ કવિના હાથમાં, કારમાં કાયમ મોટેભાગે પુસ્તકો હોય જ. ગુજરાતી ભાષાના મોટાભાગના સર્જકોને એમણે આખેઆખા વાંચી નાખ્યા છે. વર્ષોથી ગુજરાતી ભાષાના અધ્યાપક તરીકે નોકરી કરતા પ્રોફેસર કરતા વધુ પુસ્તકો વાંચનાર અને વધુ સાહિત્યિક જ્ઞાન ધરાવનાર, સાહિત્યમાં પ્રવૃત રહેનાર આ કવિની વાંચનભૂખ અનોખી છે. જેને કારણે આજે આ કવિને કોઈપણ વિષય પર અચાનક બોલવાનું કહો તો પણ એ વિષય ઉપર એકદમ સટિક અને સંશોધનાત્મક વક્તવ્ય આપી શકે એટલા સજ્જ. એમના જીવનનો એક જ મંત્ર છે વાંચતા રહો અને શીખતા રહો.

સંપર્ક : રમેશભાઈ ઠક્કર – ૯૮૭૯૫ ૨૪૬૪૩
9426060601.india@gmail.com

### રઝળપાટ

● પાના ૪થાનું ચાલુ...

પુરુષ હોકી ટીમના ૧૬ સભ્યોમાં ૧૦ નવા ખેલાડીઓ છે, જે હોકીમાં ભારતના પ્રભુત્વને પાછું લાવવા મેદાને પડશે. જો કે ભારતીય ખેલાડીઓને બદલાયેલી કોવિડ ગાઈડલાઈન, કોરોનાને લીધે ઓછો સપોર્ટ સ્ટાફ, અહિયાં અને ત્યાં પહોચ્યા પછી પણ પ્રેક્ટિસની કમી, આઉટડોર ઈવેન્ટમાં જાપાનમાં અત્યારે પડતી સખત ગરમીના પ્રભાવ જેવી ચેલેંજિસનો સામનો કરવો પડશે. ભારતીય ઓલમ્પિક સંઘને આશા છે કે આ વખતે ભારત બે આંકડામાં મેડલો જીતશે. ઓલમ્પિક સંઘની જેમ જ ૧૩૦ કરોડ ભારતીયોની નજર રહેવાની દેશના ખેલાડીઓ પર અને આશા રહેવાની કે ટોકિયો ઓલમ્પિકમાં ભારત રિયો ઓલમ્પિક કરતાં વધુ મેડલ જીતે...!

ઓલ ધ બેસ્ટ INDIA.

### ડ્રગ્સ પકડાયું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણાથી અને એકને દિલ્હીમાંથી પકડવામાં આવ્યો છે.

જોકે આ ડ્રગ્સ સિન્ડિકેટમાં બીજા લોકો પણ સામેલ હોવાની આશંકા પોલીસને છે અને આ મામલામાં બીજા લોકોની પણ ધરપકડ થાય તેવી શક્યતાઓ છે. આ મામલો નાર્કો ટેરરિઝમ સાથે સંકળાયેલો છે. નાર્કો ટેરરિઝમ એન્ગલથી તપાસ જારી છે. આ સિન્ડિકેટના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા હોવાનો અંદેશો છે.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના સીપી નીરજ ઠાકુરે જણાવ્યું હતું કે એ ઓપરેશન મહિનાથી ચાલી રહ્યું હતું. કુલ ૩૫૪ કિલો હેરોઇન જપ્ત કરવામાં આવ્યું છે. એક અફઘાનિસ્તાનના નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. આ હેરોઇનની ખેપ કન્ટેઇનર્સમાં છુપાવીને સમુદ્રના રસ્તે મુંબઈથી દિલ્હી આવ્યું હતું. મધ્ય પ્રદેશના શિવપુરીની પાસે ફેક્ટરીમાં એ હેરોઇનને વધુ ફાઈન ક્વોલિટીનું બનાવવાનું હતું.

### ઝીંકા વાયરસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલો કેસ નોંધાયો હતો. એક અઠવાડિયા પહેલાં તેની માતામાં પણ વાયરસનાં લક્ષણો જોવા મળ્યાં હતાં. સંક્રમિત મહિલા તિરુવનંતપુરમના પરાસલેનની રહેવાસી છે. અહીંની ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર કરવામાં આવી રહી છે. તેણે ૭ જુલાઈએ એક બાળકને જન્મ આપ્યો હતો.

મહિલાને તાવ, માથાનો દુખાવો અને તેના શરીર પર લાલ નિશાન હોવાને કારણે ૨૮ જૂને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલની તપાસમાં ઝીકાનાં શંકાસ્પદ લક્ષણો સામે આવ્યાં હતાં. આ પછી તેનાં સેમ્પલ પુણેની એનઆઈવીમાં મોકલાયાં હતાં, જોકે મહિલાની હાલત હવે સામાન્ય છે.

### બેથી વધુ બાળકો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

બે વધારાના ઈંક્રિમેન્ટ, ઘર અથવા પ્લોટની ખરીદી પર સબસિડી, યુટિલિટી ચાર્જિસ પર રિબેટ અને નેશનલ પેન્શન સ્કીમ હેઠળ ઈપીએફમાં ૩% વધારો આપવા જેવા પ્રોત્સાહનોની પણ જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત જે દંપતીએ એક જ બાળક રાખવાનો નિર્ણય કર્યો હોય તેમને આગળ જણાવેલા લાભો કરતાં પણ વધુ લાભ આપવાની જોગવાઈ કરાઈ છે. રાજ્ય વિધિ આયોગના ચેરમેન જસ્ટિસ એ.એન. મિત્તલે પુષ્ટિ કરી છે કે, ડ્રાફ્ટ બિલ આયોગની ઓફિશિયલ વેબસાઈટ પર અપલોડ કરી દેવાયું છે અને લોકો પાસેથી સૂચનો મગાવાયા છે. લોકો ૧૯ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં પોતાના અભિપ્રાય આપી શકે છે.

રસપ્રદ રીતે, ડ્રાફ્ટ બિલ સ્પષ્ટપણે સૂચવે છે કે, આ એક્ટનો લાભ એ લોકોને મળશે જે બે બાળકોના કાયદાની હદમાં રહેશે. આ ડ્રાફ્ટ બિલમાં બહુપત્નીત્વ અને બહુપતિત્વ અંગેની પણ જોગવાઈઓ છે.

ધાર્મિક સમુદાયોના અંગત કાયદાના ઘણાં કિસ્સા આપણે જોયા છે જેમાં બહુપતિત્વ કે બહુપત્નીત્વ આધારિત લગ્ન હોય. જેમાં પરણેલા કપલની એક જોડી હોય, તેમાં એક પુરુષ અને એક સ્ત્રી હોય તે પતિ કે પત્ની હોવા છતાં બીજા સેટમાં કોઈ અન્ય વ્યક્તિના જીવનસાથી હોય છે. આ વિશે વિસ્તારથી સમજાવતા ડ્રાફ્ટ બિલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, (એ)પર્સનલ લૉ પ્રમાણે, એ એકથી વધુ પત્ની રાખી શકે છે. એને ત્રણ પત્નીઓ છે બી,સી અને ડી. એવામાં એ અને બી, એ અને સી, એ અને ડી ત્રણ અલગ દંપતી તરીકે ઓળખાય છે. આ વાત બી,સી અને ડીના કેસમાં લાગુ પડે છે જ્યારે બાળકોની કુલ સંખ્યા ગણવામાં આવે ત્યારે એ માટે એક જ લગ્ન ગણાય છે. દાખલા તરીકે, એને બી દ્વારા એક બાળક છે, બે સંતાનો સી સાથે છે અને ડી થકી એક બાળક છે. મતલબ કે, એના કુલ બાળકોની સંખ્યા ચાર છે.

### સફરે જશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી અંતરિક્ષમાં જનારી બીજી ભારતીય મૂળની મહિલા હશે. સિરીશાના માતા પોતાની દીકરી પૃથ્વીથી ૩ લાખ ફૂટ ઉપર ઉડાન ભરે તે પહેલા તેના પસંદના વ્યંજનોમાંથી એક મટન બિરયાની લઈને ન્યુ મેક્સિકો આવી રહ્યા છે. તેને આંધ્રની પીળી દાળની વાનગી પપ્પૂ પણ પસંદ છે. સિરીશા જણાવે છે કે, આ મારી પસંદની વાનગી છે, ગરમ ચાવલ અને ઘીની સાથે પીળી દાળ. પરંતુ હું મારી માતા જેવી દાળ નથી બનાવી શકતી.

આંધ્રપ્રદેશના ચિરાલામાં જન્મેલી સિરીશા ચાર વર્ષની ઉંમરમાં માતા-પિતા સાથે અમેરિકા આવી ગઈ હતી. સિરીશા હ્યુસ્ટનમાં રહેતી હતી જ્યાં નાસાની પ્રવૃત્તિઓ જોઈને તેનામાં અંતરિક્ષમાં જવાની ઈચ્છાનો જન્મ થયો. વિંગ કમાન્ડર રાકેશ શર્માનો સિરીશા બાંદલા પર ઘણો પ્રભાવ હતો. બાંદલાએ જણાવ્યું કે, હું પોતાને કહેતી હતી કે હું આ કરી શકુ છુ કારણકે મારી પૃષ્ઠભુમિ અને મારી સંસ્કૃતિના કોઈ વ્યક્તિએ આ કામ કર્યું છે. સિરીશા ગેલેક્ટિક કંપનીના ગવર્નમેન્ટ અફેર્સ એન્ડ રિસર્ચ ઓપરેશન વિભાગમાં વાઈસ પ્રેસિડન્ટ છે. સિરીશાએ માત્ર છ વર્ષમાં આ ઉપલબ્ધિ સિદ્ધ કરી છે. રિચર્ડના જણાવ્યા અનુસાર, વર્જિન ઓર્બિટની ઉડાનમાં કુલ મળીને છ લોકો હશે. તેણે જણાવ્યું કે, અમે અન્ય લોકોને અંતરિક્ષમાં લઈ જતા પહેલા કંપનીના કર્મચારીઓને લઈ જવા માંગીએ છીએ. આ અમારી અંતરિક્ષમાં ચોથી ઉડાન હશે.

### ચોંકાવી દીધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્લાન્ટનું જે લોકાર્પણ થવાનુ છે તે સાઈટની મુલાકાત લઈ ટ્રાયલ રન કેવો રહ્યો તે વિશેની જાણકારી મેળવી ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં સામાન્ય સ્થિતિમાં કેટલો ઓક્સિજન વપરાય છે તેની વિગતો મેળવી સૌને ચોંકાવી દીધા હતા. સિવિલ હોસ્પિટલની સફાઈ કામગીરી અને હવે કઈ કઈ સુવિધાઓની વધુ જરૂરિયાત છે તે અંગે પણ સિવિલ સુપ્રિટેન્ડન્ટ પાસેતી વિગતો મેળવી જરૂરી રજુઆતો દરખાસ્ત સાથે સરકારને મોકલવા જણાવ્યુ હતુ.